# ગુજરાતી

## ધોરણ-૭

દ્વિતીય સત્ર

## વાર્ષિક માસવાર આયોજન

વર્ષ – ૨૦૨૪/૨૫

આવા દરેક ધોરણના વિષયવાર આયોજન
શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

## નવેમ્બર માસનું પાઠ આયોજન
## (૧૧) વાગે છે રે વાગે છે

**અધ્યયન નિષ્પતિ :**

G708.3 લયાત્મક કાવ્યગાન કરે છે.

G703.4 વિગતોને હેતુ અનુસાર પ્રયોજે છે.

G703.5 સામગ્રીનું વિશ્લેષણ કરે છે.

G703.2 સામગ્રીની સમજ વિકસાવવા પરિપૃચ્છા કરે છે.

G707.4 અભિવ્યક્તિને ભાવાત્મક બનાવવા માટે યોગ્ય શબ્દ અને વિવિધ વાક્યરચનાઓ પ્રયોજે છે.

G706.7 શબ્દ ચાવી, શબ્દ ચોકઠાં, શબ્દચિત્ર, રાશિ પરથી નામ બનાવવાં જેવી રમતો દ્વારા શબ્દભંડોળ વિકસાવે છે.

G704.6 સૌંદર્યલક્ષી દૃશ્યાત્મક સામગ્રીનું વર્ણન કરે છે.

G709.1 ઘરે કે અન્ય સ્થળે મિત્રો-સંબંધીઓ વચ્ચે ગીત, કાવ્યોનું ગાન કરે, વાર્તા અને રમૂજ (joke) કહે છે.

G709.2 લેખન કરવાના પ્રસંગોમાં પોતાની ભાષાકીય સજ્જતાનો ઉપયોગ કરે છે.

G708.2 પઠન તથા ગાન માટે શ્વાસનિયમન કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

-કાવ્યનો પરિચય

-કાવ્યનું લય-ઢાળ સાથે ગાન

-કાવ્યની સમજુતી

-કાવ્યનું વિ.ઓ સાથે સમુહમાં ગાન

-શબ્દાર્થ સમજ અને લેખન

-વાતચીત દ્વારા પ્રશ્નોત્તરી

-વિકલ્પ પસંદ કરી વાક્ય પૂર્ણ કરવું

-શબ્દ અને તેના અર્થનું વાંચન

-કાવ્યમાં વપરાયેલ શબ્દોનું વાંચન

- સાચો અર્થ ધારી ટીક માર્ક કરવું

- પ્રત્યેના આધારે બનતા શબ્દો કોષ્ટકમાં લખવા.

- કાવ્યમાંથી શબ્દ આધારિત નવી નવી પ્રવૃત્તિઓ કરવી

-પ્રશ્નોના જવાબની સમજ

- વાક્યના આધારે બનતી શબ્દની પ્રવૃત્તિ કરવી

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- લોકગીતોનું પુસ્તક
- સંદર્ભ સાહિત્ય
- વિડીયો

**શિક્ષક વિધાર્થિની પ્રવૃત્તિ :**

- વિધાર્થીઓને વાગે છે રે વાગે છે મીરાબાઇ દ્વારા લખેલ કાવ્યનું રાગ હાવ અને ભાવ સાથે ગાન કરાવીશ. ત્યારબાદ આ કાવ્યની સમજૂતી

આપીશ. આ કાવ્યમાં રહેલી શ્રીકૃષ્ણની પ્રત્યક્ષ ઝાંખી થતી અનુભવાય અને મોરલીના નાદમાં રદ થઈ જવાય તેવું પદ અહીં પ્રસ્તુત કરવામાં આવ્યું છે. અહીં શ્રીકૃષ્ણની વિચરણ ભૂમિ વૃંદાવન ની વાત છે એ જ એટલું જ નહીં વાંસળી વગાડનાર બાળક કનૈયા પહેરવેશનું સુંદર વર્ણન આ કાવ્યમાં કરેલું છે જે વિદ્યાર્થીઓને સમજાવી ત્યારબાદ કાવ્ય ના આધારે શબ્દાર્થ વિદ્યાર્થીઓને સમજાવીશ તથા શબ્દાર્થ નું લેખન નોટમાં કરાવીશ. ત્યારબાદ વાતચીતના આધારે કાવ્યમાંથી પ્રશ્નોના જવાબની સમજ આપી પ્રશ્નોના જવાબ પૂછીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નોના જવાબ આપશે. ત્યારબાદ કવિતા માંથી સાચો અર્થ ધારી ટીક માર્ક કરાવીશ. કૌંસમાં આપેલા શબ્દોના આધારે ખાલી જગ્યા પુરાવીશ. ત્યારબાદ ઉદાહરણ પ્રમાણે શબ્દોની યાદી બનાવડાવીશ. વિદ્યાર્થીઓને આપેલા પ્રશ્નોના આધારે સાચો વિકલ્પ સમજાવી ટીક કરાવીશ. આપેલા પ્રત્યેના આધારે એને લગતા શબ્દો અથવા બનતા શબ્દો કોષ્ટકમાં લખાવીશ. ત્યારબાદ પાઠ્યપુસ્તકમાંથી અન્ય પ્રત્યેયો શોધીને અંગ વિસ્તારક શબ્દો બનાવડાવીશ. કાવ્ય સાંભળ્યા પછી મનમાં થતા કેટલાક પ્રશ્નો તે વિદ્યાર્થીઓ શિક્ષકને પૂછે તે રીતની પ્રવૃત્તિ કરાવીશ. કાવ્યના આધારે વનરાવન અને શ્રીકૃષ્ણના પહેરવેશ અને શણગાર વિશે વર્ણન કરવાનું વિદ્યાર્થીઓને કહીશ. ત્યારબાદ પાઠ્યપુસ્તકમાં આપેલ પ્રશ્નોના જવાબોની ચર્ચા કરી સમજાવીશ. આ કાવ્યમાંથી શબ્દ આધારિત નવી નવી પ્રવૃત્તિઓ કરાવીશ અને આવા અન્ય લોકગીત શોધવાના વિદ્યાર્થીઓને કહીશ. ત્યારબાદ વાક્યના આધારે બનતી શબ્દની પ્રવૃત્તિ વિદ્યાર્થીઓને કરાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

-અન્ય પ્રાર્થના શોધવી અને ગાન કરવું.

-શબ્દ આધારિત નવી નવી પ્રવૃત્તિઓ કરવી.

-લોકગીત શોધવા

**મૂલ્યાંકન / સ્વાધ્યાય**

-કાવ્ય કંઠસ્થ કરવું

-શબ્દાર્થ લખવા

-વાતચીતની પ્રશ્નોત્તરી લખી લાવવી

-પ્રશ્નોના આધારે સાચો વિકલ્પ સમજી ટીક કરી લાવવું

-પ્રત્યેના આધારે બનતા શબ્દો કોષ્ટકમાં લખવા.

-શ્રીકૃષ્ણના પહેરવેશ અને શણગાર વિશે વર્ણન કરવું.

-પાઠ્યપુસ્તકમાં આપેલ પ્રશ્નોના જવાબોની લખવા.

-વાક્યના આધારે બનતી શબ્દની પ્રવૃત્તિ કરી લાવવી.

## ડીસેમ્બર માસનું પાઠ આયોજન
## (૧૨) સરહદની સફરે

**અધ્યયન નિષ્પતિ :**

G701.2 પરિચ્છેદનું વાંચન પ્રતિ મિનિટના 70+ શબ્દોની ઝડપથી સ્પષ્ટ ઉચ્ચારથી કરે છે.

G703.5 સામગ્રીનું વિશ્લેષણ કરે છે.

G703.4 વિગતોને હેતુ અનુસાર પ્રયોજે છે.

G704.5 શબ્દ, શબ્દસમૂહ, કહેવત અને રૂઢિપ્રયોગનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય, સંવાદ, પરિચ્છેદ, વાર્તા અને કાવ્યની રચના કરે છે.

G703.2 સામગ્રીની સમજ વિકસાવવા પરિપૃચ્છા કરે છે.

G707.4 અભિવ્યક્તિને ભાવાત્મક બનાવવા માટે યોગ્ય શબ્દ અને વિવિધ વાક્યરચનાઓ પ્રયોજે છે.

G705.9 ભાષા સંરચનાની ક્ષતિઓ શોધી, સુધારી, સામગ્રીનું પુનઃલેખન કરે છે.

G706.9 શબ્દભંડોળના સંવર્ધન માટે ગુજરાતની વિવિધ બોલીઓમાં પ્રયોજાતા શબ્દોનો ઉપયોગ કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- પાઠનું વાંચન અને પાઠની સમજ
- અરુણાચલ પ્રદેશમાં દર વર્ષે યોજાતી તવાંગયાત્રાની સમજ
- વૈવિધ્યપૂર્ણ મહત્વ
- શબ્દાર્થ દ્વારા લેખન અને સમજ
- શબ્દસમૂહ અને રૂઢિપ્રયોગોનું લેખન
- વાતચીત દ્વારા પ્રશ્નોત્તરી
- ભાવ ધરાવતું વાક્ય વિકલ્પમાંથી શોધવું
- ગુજરાતની જુદી-જુદી વાનગીઓ વિશે માહિતી
- પ્રવાસ પર્યટનની યાદ રહેલી વાતો
- પાઠમાં આપેલ ફકરાનું લેખન
- વાંચન ઝડપ ની પ્રવૃત્તિ
- પાઠમાં આવતા પ્રશ્નોના જવાબ

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક

- વિવિધ વાનગીઓના ચિત્રો / વિડીયો
- પ્રવાસન સ્થળોના વિડીયો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને ડૉ.. પૂર્ણિમા ભાડેસીયા ના લેખન આધારિત 'સરહદની સફર' પાઠની પાઠનું વાંચન કરીશ. આ પાઠમાં અરુણાચલ પ્રદેશમાં દર વર્ષે યોજાતી તવાંગયાત્રા પૂર્વતર ભારતને સમજવા અને તેનું વૈવિધ્યપૂર્ણ મહત્વ વિદ્યાર્થીઓને સમજાવીશ. ત્યારબાદ પાઠમાં આવતા શબ્દાર્થોની સમજ આપી લખાવીશ. શબ્દ-સમૂહ માટે એક શબ્દની ચર્ચા કરી વિદ્યાર્થીઓને લખાવીશ. ત્યારબાદ રૂઢિપ્રયોગો ની સમજ આપી વિદ્યાર્થીઓને લખાવીશ. પાઠના આધારે વાતચીત દ્વારા વિદ્યાર્થીઓને પ્રશ્નોના જવાબની ચર્ચા કરી સમજ આપીશ. ત્યારબાદ આપેલા વાક્યોમાં ભાવ ધરાવતું વાક્ય વિકલ્પમાંથી શોધીને ટીક કરાવીશ. અલગ-અલગ ભાષામાં બોલાય તેવા શબ્દોને માન્ય ભાષામાં તેનો અર્થ વિદ્યાર્થીઓને સમજાવી લખાવીશ. ઉદાહરણ પ્રમાણે બીજા શબ્દો અને વાક્ય પ્રયોગો વિદ્યાર્થીઓને લખાવી જુદી-જુદી બોલીમાં વપરાતા તળપદા શબ્દોને શિષ્ટ ગુજરાતીમાં સમજાવીને પા.પુ.માં લખાવીશ. રેખાંકિત શબ્દનો ઉપયોગ કરી આવું અન્ય વાક્ય બનાવવાનું વિદ્યાર્થીઓને સમજાવીશ. પાઠમાં આપેલા ગુજરાતની જુદી-જુદી વાનગીઓ દ્વારા કોઈ ત્રણ વાનગીઓ વિશે બે-બે વાક્યો વિદ્યાર્થીઓને સમજાવીને લખાવીશ. પાઠના આધારે પ્રશ્નોના જવાબની ચર્ચા કરી સમજાવીને લખાવીશ. પા.પુ.માં આપેલ ફકરાને વંચાવીને સારા અક્ષરે વિદ્યાર્થીઓને લખાવીશ. પાઠના આધારે ગુજરાતની વિવિધ બોલીઓ જેવી કે પટ્ટણી બોલી, કાઠીયાવાડી બોલી, સુરતી બોલી, ચરોતરી બોલી, સોરઠી બોલી, કચ્છી બોલી, ડાંગી બોલે ના વિવિધ વાક્યો સમજાવીશ. અને આ ભાષા કેવી રીતે બોલાય તેનો અર્થ સમજાવીશ. મોરાયો નૃત્યના ફકરાના આધારે વાંચન ઝડપ ની પ્રવૃત્તિ વિદ્યાર્થીઓને કરાવીશ. વિદ્યાર્થીઓએ કરેલા વિવિધ પ્રવાસ પર્યટન ની વાતો વિદ્યાર્થીઓ જોડે બોલાવીશ. તમે એક મિનિટમાં કેટલા

શબ્દો વાંચી શકો તે પ્રવૃત્તિ કરાવીશ. પાઠમાં આપેલા શબ્દોની હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃતમાં સમજ આપી લખાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેકટ / પ્રયોગ**

-વિવિધ વાનગીઓની માહિતી

-તમે કરેલા પ્રવાસ પર્યટનની યાદ રહેલી વાતો

- વાંચન ઝડપ ની પ્રવૃત્તિ

**મૂલ્યાંકન**

- પાઠનું વાંચન કરવું
- શબ્દાર્થ લેખન કરવું
- શબ્દસમૂહ અને રૂઢીપ્રયોગનું લેખન કરવું
- વાતચીતની પ્રશ્નોત્તરી લખવી
- ભાવ ધરાવતું વાક્ય વિકલ્પમાંથી શોધીને ટીક કરવું
- ગુજરાતની જુદી-જુદી વાનગીઓ વિશે લખવું.
- પ્રશ્નોના જવાબ લખવા લખવા

## ડીસેમ્બર માસનું પાઠ આયોજન
## (૧૩) સમરથલાલ સૂરણવાળાનો સન્માનસમારંભ

**અધ્યયન નિષ્પતિ :**

G703.5 સામગ્રીનું વિશ્લેષણ કરે છે.

G703.4 વિગતોને હેતુ અનુસાર પ્રયોજે છે.

G706.7 શબ્દ ચાવી, શબ્દ ચોકઠાં, શબ્દચિત્ર, રાશિ પરથી નામ બનાવવાં જેવી રમતો દ્વારા શબ્દભંડોળ વિકસાવે છે.

G707.4 અભિવ્યક્તિને ભાવાત્મક બનાવવા માટે યોગ્ય શબ્દ અને વિવિધ વાક્યરચનાઓ પ્રયોજે છે.

G703.2 સામગ્રીની સમજ વિકસાવવા પરિપૃચ્છા કરે છે.

G705.4 શરતીવિધાન, સંજ્ઞા, ઉદગાર, સંશયાર્થ, ઇચ્છાર્થક વાક્યરચના ઓળખાવે અને ઉપયોગ કરે છે.

G705.8 શબ્દમાં સમાવિષ્ટ એકથી વધુ શબ્દો ઓળખાવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- પાઠનું વાંચન અને પાઠની સમજ
- સન્માન સમારંભ હાસ્ય કથાની સમજ
- શબ્દાર્થ લેખન
- વાતચીત દ્વારા પ્રશ્નોત્તરી લેખન
- વાક્ય કોણ બોલે છે તે શોધવું
- જૂથ કાર્ય
- ઉ.દા. મુજબ 10 વાક્યો શોધવા

- સંજ્ઞાના જુદા જુદા પ્રકારોથી પરિચિત કરવા
- શબ્દોને પુલ્લિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગ અને બહુવચન કોષ્ટકમાં લખવા
- એક જોડકણા ના આધારે આવા અન્ય જોડકણા બનાવા

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- વિડીયો
- શાકભાજીના ચિત્રો
- સંદર્ભ સાહિત્ય

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને મધુસુદન પારેખ 'પ્રિયદર્શી' દ્વારા લખાયેલ સમરથલાલ સુરણવાળાનો સન્માન સમારંભ હાસ્ય કથાની સમજ આપીશ. આ હાસ્ય કથામાં લેખકે વિવિધ શાકભાજીના ઉલ્લેખ દ્વારા સહજ રીતે હાસ્ય નિસ્પંદ કર્યું છે. આ એકમમાં પ્રસંગ લાલ સુરણ વાળા ના સન્માન સમારંભનો હોય છે જેમાં લેખક ચતુરાઈ પૂર્વક લગભગ બધા જ શાકભાજી ના નામ વણી લે છે તે વિધાર્થીઓને આ પાઠની સમજ આપીશ. ત્યારબાદ શબ્દાર્થની સમજ આપી લખાવીશ વાતચીત દ્વારા પાઠમાં આવતા પ્રશ્નોની ચર્ચા કરી વિદ્યાર્થીઓને સમજાવીશ. પાઠના આધારે આ વાક્ય કોણ બોલે છે તેને શોધીને લખાવીશ. કયા શાક વિના સૂના ચાલે તે શોધાવીને લખાવીશ. વાક્ય કોણ બોલે છે તેનું નામ શોધીને વિદ્યાર્થીઓને લખાવીશ. કૌંસમાં આપેલા શબ્દ જુદા જુદા સમરથલાલ ના દેખાવ, સ્વભાવ, ગુણ કે કાર્ય દર્શાવે છે તે શોધીને લખાવીશ. જૂથ કાર્ય દ્વારા કોષ્ટકમાં બાકી રહેલી માહિતી ભરાવીશ. વિદ્યાર્થીઓને રૂઢિપ્રયોગ ના અર્થ નીચે લીટી કરીને જુથ કાર્ય દ્વારા ક્રમમાં વાક્ય લખાવીશ. પાઠના આધારે આપેલા શબ્દોનો નજીકનો અર્થ આપી તેનો વાક્ય પ્રયોગ કરાવીશ. કૌંસમાં આપેલા શબ્દોને લાગુ પડતા ગુજરાતી અને અંગ્રેજી કોષ્ટકમાં જુદા પડાવીશ. જૂથ કાર્યની પ્રવૃત્તિ દ્વારા શબ્દ જૂથોને ક્રમમાં ગોઠવાઈ પાઠમાં આવતા પ્રશ્નોના જવાબની ચર્ચા કરી સમજાવીને લખાવીશ. ઉ.દા. મુજબ 10 વાક્યો શોધીને લખાવીશ. કોષ્ટકમાં બાકી રહેલી માહિતી સમજાવીને લખાવીશ. સંજ્ઞાના જુદા જુદા પ્રકારોથી પરિચિત

કરી વાક્યો વાંચીને સંજ્ઞા ઓળખાવીશ. વાક્યો વાંચીને સમજીને સુધારી અને લખાવીશ. આપેલા શબ્દોને પુલ્લિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગ અને બહુવચન કોષ્ટકમાં જુદા-જુદા લખાવીશ. આ પાઠમાં હસવાના કયા પ્રસંગ તમને યાદ આવ્યા તે વિદ્યાર્થીઓને પૂછીશ. પાઠમાંથી યાદ રહ્યા યાદ રહ્યા હોય એવા ચાર શબ્દો વિદ્યાર્થીઓને પૂછીશ. પાઠ શીખતા તમને કઈ કઈ શાકભાજીઓ યાદ આવી તે વિદ્યાર્થીઓને પૂછીશ. પાઠમાં આપેલા એક જોડકણા ના આધારે આવા અન્ય જોડકણા બનાવી લાવવાની પ્રવૃત્તિ કરાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

-જોડકણા બનાવી લાવવાની પ્રવૃત્તિ

-જૂથકાર્યની પ્રવુત્તિ

- શાકભાજી અને ફળોની રમૂજી અટક બનાવવી

**મૂલ્યાંકન**

- પાઠનું વાંચન કરવું
- શબ્દાર્થ લેખન કરવું
- વાતચીતની પ્રશ્નોત્તરી લખવી
- વાક્ય કોણ બોલે છે તે લખવું
- જૂથ કાર્ય કરી લાવવું
- ઉ.દા. મુજબ 10 વાક્યો શોધી લખવા
- સંજ્ઞાના જુદા જુદા પ્રકારો લખવા
- શબ્દોને પુલ્લિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગ અને બહુવચન કોષ્ટકમાં લખવા
- એક જોડકણા ના આધારે આવા અન્ય જોડકણા બનાવી લખવા
- પ્રશ્નોના જવાબ લખવા

## જાન્યુઆરી માસનું પાઠ આયોજન
## (૧૪) રે પંખીડા! સુખથી ચણજો

**અધ્યયન નિષ્પતિ :**

G708.3 લયાત્મક કાવ્યગાન કરે છે.

G704.8 પસંદિત કાવ્ય કે કાવ્ય પંક્તિઓને કંઠસ્થ કરે છે.

G703.2 સામગ્રીની સમજ વિકસાવવા પરિપૃચ્છા કરે છે.

G704.4 વ્યક્તિગત અનુભવ, ઇતર વાંચન, જાણકારી, દલીલ-પ્રતિદલીલ અને વિચારણાની અશાબ્દિક રજૂઆત કરે છે.

G709.3 પોતાના પરિવેશમાં પ્રયોજાતાં શબ્દો અને વાક્યોનું શ્રવણ કરે અને તેનો સંચય કરે છે.

G705.8 શબ્દમાં સમાવિષ્ટ એકથી વધુ શબ્દો ઓળખાવે છે.

G706.2 શબ્દ બદલીને વાક્યરચનાઓ નિપજાવે છે.
G706.7 શબ્દ ચાવી, શબ્દ ચોકઠાં, શબ્દચિત્ર, રાશિ પરથી નામ બનાવવાં જેવી રમતો દ્વારા શબ્દભંડોળ વિકસાવે છે.
G703.4 વિગતોને હેતુ અનુસાર પ્રયોજે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

-કાવ્ય ગાન, સમૂહ ગાન
-શબ્દાર્થ લેખન
-વાતચીતની પ્રશ્નોત્તરી ની ચર્ચા
-પંક્તિમાંથી જુદા-જુદા વાક્યો બનાવા
-શબ્દનો ઉપયોગ કરી અને વાક્યમાં જરૂરી સુધારા કરી વાક્ય ફરીથી બનાવવું
-એક વિષય પર ચર્ચા કરી 10 થી 15 વાક્યો બનવવા
- પ્રશ્નોના જવાબની ચર્ચા

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- પક્ષીઓના અવાજનો ઓડિયો/વિડીયો
- વિડીયો
- પક્ષીઓના ચિત્રો / ચાર્ટ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને સુરસિંહજી દ્વારા લખેલ 'રે પંખીડા સુખથી ચણજો' કાવ્ય ની સમજ આપી આ ઊર્મિ કાવ્યમાં કવિ ચણી રહેલા પંખીઓને નિરાંતે ચણવાનું અને ઉપવન પર કેવળ મનુષ્યનો હક નથી સૌ પશુ-પક્ષીઓનો પણ છે એમ જણાવે છે અહીં કવિ પંખીઓને બીક દૂર કરવા પણ કહે છે. વિદ્યાર્થીઓને કાવ્યનું હાવભાવ સાથે ગાન કરાવી કાવ્યની સમજ આપીશ. પછી કાવ્યને અંદર આવેલા શબ્દાર્થની વિદ્યાર્થીઓને સમજ આપીશ. ત્યારબાદ વાતચીત દ્વારા પ્રશ્નોના જવાબો ની ચર્ચા કરી વિદ્યાર્થીઓને સમજ આપીશ. કાવ્યપંક્તિમાં આપેલ ભાવ દર્શાવતી કાવ્ય પંક્તિને કાવ્યમાંથી શોધીને લખાવીશ. પંક્તિમાંથી જુદા-જુદા વાક્યો બનાવવાનું કહીશ. ત્યારબાદ કાવ્યને આધારે સાચું હોય તો 'આવ પંખીડા' અને ખોટું હોય તો 'જાવ પંખીડા' ની પ્રવૃત્તિ કરાવીશ. કૌંસમાં આપેલ શબ્દનો ઉપયોગ કરી અને વાક્યમાં જરૂરી સુધારા કરી વાક્ય ફરીથી લખાવીશ. શબ્દકોશનો ઉપયોગ કરી શબ્દોના અર્થની સમજ

આપીશ. ચાર જૂથની ચાર ચાર જૂથમાં એક એક વિષય પર ચર્ચા કરી 10 થી 15 વાક્યો વિદ્યાર્થીઓને વર્ગમાં રજૂ કરવાનું કહીશ. કાવ્યના આધારે પ્રશ્નોના જવાબની ચર્ચા કરી સમજ આપી લખાવીશ. આ કાવ્ય શીખતી વખતે તમને કયા કયા પક્ષીઓ યાદ આવે છે તે પૂછીશ. આ એકમમાં ચિત્રમાં શું શું હતું તેની ચર્ચા કરીશ અને પૂછીશ. કાવ્યની કઈ પંક્તિ તમને યાદ રહી ગઈ તે પંક્તિ ગાવાનું કહીશ.

**પ્રવૃતિ / પ્રોજેકટ / પ્રયોગ**

-સાચું હોય તો 'આવ પંખીડા' અને ખોટું હોય તો 'જાવ પંખીડા' ની પ્રવૃત્તિ

-ટેકનોલોજીની મદદથી ગીત સંભાળવાની પ્રવુત્તિ

**મૂલ્યાંકન**

-કાવ્ય કંઠસ્થ કરવું

-શબ્દાર્થ લખવા

-વાતચીતની પ્રશ્નોત્તરી લખી લાવવી

-પંક્તિમાંથી જુદા-જુદા વાક્યો બનાવીને લખવા.

-શબ્દનો ઉપયોગ કરી અને વાક્યમાં જરૂરી સુધારા કરી વાક્ય ફરીથી લખવું.

-એક વિષય પર ચર્ચા કરી 10 થી 15 વાક્યો લખવા.

- પ્રશ્નોના જવાબ લખવા.

## જાન્યુઆરી માસનું પાઠ આયોજન
## (૧૫) દાદાજીનો પત્ર

**અધ્યયન નિષ્પતિ :**

G703.4 વિગતોને હેતુ અનુસાર પ્રયોજે છે.

G703.5 સામગ્રીનું વિશ્લેષણ કરે છે.

G704.5 શબ્દ, શબ્દસમૂહ, કહેવત અને રૂઢિપ્રયોગનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય, સંવાદ, પરિચ્છેદ, વાર્તા અને કાવ્યની રચના કરે છે.

G703.2 સામગ્રીની સમજ વિકસાવવા પરિપૃચ્છા કરે છે.

G704.4 વ્યક્તિગત અનુભવ, ઇતર વાંચન, જાણકારી, દલીલ-પ્રતિદલીલ અને વિચારણાની અશાબ્દિક રજૂઆત કરે છે.

G706.2 શબ્દ બદલીને વાક્યરચનાઓ નિપજાવે છે.

G705.4 શરતીવિધાન, સંજ્ઞા, ઉદગાર, સંશયાર્થ, ઇચ્છાર્થક વાક્યરચના ઓળખાવે અને ઉપયોગ કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- પાઠનું વાંચન અને પાઠની સમજ
- શબ્દાર્થ લેખન
- શબ્દ સમૂહ માટેના એક શબ્દ લેખન
- વાતચીત દ્વારા પ્રશ્નોત્તરી લેખન
- સાચું કે ખોટું વાક્ય લખવું
- વાક્યોમાંથી તેના પ્રકારો કોષ્ટકમાં લખવા
- એકમના આધારે પ્રશ્નોના જવાબોની ચર્ચા

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- વિડીયો
- પત્રો
- કોમ્પ્યુટરમાં મેઈલ
- સંદર્ભસાહિત્ય પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને દાદાજી નો પત્ર આ પાઠ દ્વારા અહીં આપેલ પત્ર વિશે વિદ્યાર્થીઓને સમજ આપીશ. પત્રમાં સરનામું, સંબોધન તેમજ લિખિતંગ કયા ભાગમાં લખવામાં આવ્યું છે તેની ચર્ચા કરી વિદ્યાર્થીઓને સમજાવીશ. વિશ્વના સાહિત્યમાં પણ ‘પત્રસાહિત્ય’ અદકેરુ સ્થાન ધરાવે છે તે સમજ આપીશ. એકમ બાદ પાઠ્યપુસ્તકમાં આપેલ શબ્દાર્થની ચર્ચા કરી લેખન કરાવીશ. શબ્દસમૂહ માટે એક શબ્દની સમજ આપીશ. વાતચીત દ્વારા એકમની વાતચીતના પ્રશ્નો ની ચર્ચા કરી સમજાવી લખાવીશ. પાઠને આધારે સાચું કે ખોટું વાક્ય કયું છે તે જણાવીશ. શબ્દ અને એનો અર્થ સમજાવી નવું વાક્ય બનાવવાનું શીખવીશ. નામના બદલે વપરાયેલા હોય તેવા પદો નીચે લીટી દોરવાનું શીખવીશ. ત્યારબાદ પાઠ્યપુસ્તકમાં આપેલા વાક્યોમાંથી તેના પ્રકારો કોષ્ટકમાં લખાવીશ. વિદ્યાર્થીઓને પોતાના ગામ, પોતાના જિલ્લા, ગામની નદી અને ગામના ચબૂતરા વિશેની માહિતી પૂછીશ. ત્યારબાદ હકીકત વિશે અચરજ, આશ્ચર્ય, નવાઈ, શોખ, હર્ષ, ઉલ્લાસ જેવી લાગણીઓ પ્રગટ થતી હોય તેવા વાક્યો વંચાવીશ. ત્યારબાદ એકમના આધારે પ્રશ્નોના જવાબોની ચર્ચા કરી સમજાવી લખાવીશ. દાદાજી નો પત્ર

ટેકનોલોજી ના બીજા ઈમેલ ના માધ્યમથી આપી શકાય તો ઈમેલ માં કેવી રીતે પત્ર લખાય તેની સમજ વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરનો ઉપયોગ કરી સમજાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેકટ / પ્રયોગ**

- એકમ વાંચતા લગતા સમયની પ્રવુત્તિ
- ટેકનોલોજીના માધ્યમથી ઈમેઈલ શીખવવાની પ્રવુત્તિ

**મૂલ્યાંકન**

- શબ્દાર્થ લેખન
- શબ્દસમૂહ માટે એક શબ્દ
- વાતચીતની પ્રશ્નોત્તરી
- સાચું કે ખોટું વાક્ય લખવું
- વાક્યોમાંથી તેના પ્રકારો કોષ્ટકમાં લખવા
- પ્રશ્નોના જવાબ લખવા

## જાન્યુઆરી માસનું પાઠ આયોજન (૧૬) આખરે ચૂલો ચેત્યો!

**અધ્યયન નિષ્પતિ :**

G703.4 વિગતોને હેતુ અનુસાર પ્રયોજે છે.

G703.5 સામગ્રીનું વિશ્લેષણ કરે છે.

G701.2 પરિચ્છેદનું વાંચન પ્રતિ મિનિટના 70+ શબ્દોની ઝડપથી સ્પષ્ટ ઉચ્ચારથી કરે છે.

G708.5 વિષયવસ્તુનું ચિત્રાત્મક, આલેખાત્મક નિરૂપણ કરે છે.

G703.2 સામગ્રીની સમજ વિકસાવવા પરિપૃચ્છા કરે છે.

G701.3 લેખનની ઝડપમાં ક્રમિક વધારો દર્શાવે છે.

G703.9 અધ્યયન અનુભવોનું અનુચિંતન કરે છે.

G705.3 અભિવ્યક્તિને ચોકસાઈપૂર્ણ અને અસરકારક બનાવવા માટે એકાધિક વિશેષણ અને ક્રિયાવિશેષણનો ઉપયોગ કરે છે.

G704.5 શબ્દ, શબ્દસમૂહ, કહેવત અને રૂઢિપ્રયોગનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય, સંવાદ, પરિચ્છેદ, વાર્તા અને કાવ્યની રચના કરે છે.

G705.4 શરતીવિધાન, સંજ્ઞા, ઉદગાર, સંશયાર્થ, ઇચ્છાર્થક વાક્યરચના ઓળખાવે અને ઉપયોગ કરે છે.

G706.7 શબ્દ ચાવી, શબ્દ ચોકઠાં, શબ્દચિત્ર, રાશિ પરથી નામ બનાવવાં જેવી રમતો દ્વારા શબ્દભંડોળ વિકસાવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- પાઠનું વાંચન અને પાઠની સમજ
- એક આગેવાન કે નેતાની લોકો પ્રત્યેની સંવેદના
- શબ્દાર્થ લેખન
- વાતચીત દ્વારા પ્રશ્નોત્તરી લેખન
- પ્રશ્ન વાક્ય બનાવવું
- શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવવું
- વિધાનવાક્ય, પ્રશ્નાર્થવાક્ય કે ઉદ્‌ગારવાક્ય બનાવવું
- 'ચાલો યાદ કરીએ'ની પ્રવૃત્તિ
- અન્ય શબ્દચિત્ર દોરવા

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- અન્ય શબ્દચિત્રો કે વિડીયો
- સંદર્ભ સાહિત્ય

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને 'આખરે ચૂલો ચેત્યો!' પાઠના લેખક 'જયભિખ્ખુ' વિશે માહિતી આપીશ. ત્યારબાદ આ પાઠમાં એક આગેવાન કે નેતાની લોકો પ્રત્યેની સંવેદના અને નિસ્બતનું હૃદયસ્પર્શી નિરૂપણનું વિગતવાર પાઠનું વાંચન કરી સમજ આપીશ. ત્યારબાદ વિદ્યાર્થીઓને પાઠના શબ્દાર્થની ચર્ચા કરી લેખન કરાવીશ. પાઠમાં આપેલ વાતચીતના આધારે પ્રશ્નોની ચર્ચા કરી વિદ્યાર્થીઓને સમજ આપીશ. પાઠના આધારે વાક્ય સાચું છે કે ખોટું તે ચર્ચા કરી લખાવીશ. ઉદાહરણ સમજાવી આપેલ વાક્યને આધારે પ્રશ્ન બનાવડાવીશ. કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી પ્રશ્ન વાક્ય સમજાવીશ. પાઠમાં આપેલી પરિસ્થિતિ ની અંદર વિદ્યાર્થીઓ પોતે હોય તો તે શું કરશે તે સમજ આપીશ. શબ્દોને શબ્દકોશના ક્રમમાં વિદ્યાર્થીઓ સાથે લખાવીશ. કોષ્ટકમાં આપેલ વાક્યોને યોગ્ય શબ્દ વડે જોડી નવું વાક્ય બનાવડાવીશ. આપેલા વાક્યોમાં ગુણનો, ક્રિયાનો, સ્થિતિનો કે પ્રક્રિયાનો નિર્દેશ ઓળખી કાઢવાની ક્રિયાની ચર્ચા કરીશ. ઉદાહરણ મુજબ વાક્યમાં શરત ઉમેરીને શરતી વાક્યો બનાવડાવીશ. આપેલા વાક્યોની માહિતી આપનાર વિધાનવાક્ય, પ્રશ્નાર્થવાક્ય કે ઉદ્‌ગારવાક્ય દર્શાવે એ રીતે ખૂટતા વાક્યો લખાવી અને બોલાવીશ. પાઠના આધારે પ્રશ્નોના જવાબની ચર્ચા કરી લખાવીશ. ભાષા સજ્જતાના આધારે વાક્યના

પ્રકારોની સમજ આપીશ. 'ચાલો યાદ કરીએ'માં આપેલી પ્રવૃત્તિ વિદ્યાર્થીઓ પાસે કરાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલ શબ્દચિત્ર વિદ્યાર્થીઓ પાસે દોરાવીશ. વિદ્યાર્થીઓ આ રીતે અન્ય શબ્દચિત્ર ઘરેથી દોરી લાવવા કહીશ.

**પ્રવૃતિ / પ્રોજેકટ / પ્રયોગ**

- શબ્દચિત્ર દોરવા

**મૂલ્યાંકન**

- શબ્દાર્થ લેખન
- વાતચીત આધારે પ્રશ્નોત્તરી
- શબ્દોનો ઉપયોગ કરી પ્રશ્ન વાક્ય બનાવવું
- શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવવું
- વાક્યોમાં ગુણનો, ક્રિયાનો, સ્થિતિનો કે પ્રક્રિયાનો નિર્દેશ ઓળખી કાઢવાની ક્રિયા કરવી
- વિધાનવાક્ય, પ્રશ્નાર્થવાક્ય કે ઉદ્‌ગારવાક્ય બનાવવું
- પ્રશ્નોના જવાબ લખવા
- 'ચાલો યાદ કરીએ'ની પ્રવુત્તિ કરવી
- અન્ય શબ્દચિત્ર દોરવા

## ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન
## (૧૭) સફળ યાત્રા

**અધ્યયન નિષ્પતિ :**

G703.4 વિગતોને હેતુ અનુસાર પ્રયોજે છે.

G703.5 સામગ્રીનું વિશ્લેષણ કરે છે.

G703.2 સામગ્રીની સમજ વિકસાવવા પરિપૃચ્છા કરે છે.

G704.5 શબ્દ, શબ્દસમૂહ, કહેવત અને રૂઢિપ્રયોગનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય, સંવાદ, પરિચ્છેદ, વાર્તા અને કાવ્યની રચના કરે છે.

G704.4 વ્યક્તિગત અનુભવ, ઇતર વાંચન, જાણકારી, દલીલ-પ્રતિદલીલ અને વિચારણાની અશાબ્દિક રજૂઆત કરે છે.

G708.8 એકોક્તિ, મૂક અભિનય અને પાત્ર અભિનય રજૂ કરે છે.

G704.2 કવિતા, વાર્તા કે કાલ્પનિક પરિસ્થિતિને કથન કે સંવાદ (નાટિકા) સ્વરૂપે રજૂ કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- કાવ્યનું ગાન અને કાવ્યની સમજ
- સેવા અને કરુણા થી મોટો કોઇ ધર્મ નથી તેની સમજ
- શબ્દાર્થ લેખન
- વાતચીત દ્વારા પ્રશ્નોત્તરી લેખન
- સાચી કાવ્યપંક્તિના અર્થ સામે ખરા(✓)ની નિશાની

- બીજી જીવસૃષ્ટિ વિશેના 'સેવાસૂત્રો'
- પ્રશ્નોના જવાબની ચર્ચા
- 'પાકી સમજદારી' શીર્ષક વાળી વાર્તા
- ચાલો યાદ કરીએ ની ચર્ચા

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- યાત્રા / પ્રવાસ / પર્યટન વિડીયો
- સંગીતના સાધનો

**શિક્ષક વિધાર્થિની પ્રવૃત્તિ :**

- વિધાર્થીઓને 'સફળ યાત્રા' એકમ દ્વારા પૂજાલાલ દલવાડી ની માહિતી આપીશ. આ એક પ્રસંગકાવ્ય જેમાં સેવા અને કરુણા થી મોટો કોઈ ધર્મ નથી તેની વિધાર્થીઓને ચર્ચા કરી સમજ આપીશ. ત્યારબાદ શબ્દાર્થની સમજ આપી વિધાર્થીઓને લખાવીશ. વાતચીતના પ્રશ્નોની ચર્ચા કરી વિધાર્થીઓને લખાવીશ. સાચી કાવ્યપંક્તિના અર્થ સામે ખરા(✓)ની નિશાની કરાવીશ. કાવ્ય ને આધારે નજીકના અર્થ ધારી તેના પર ગોળ o કરાવીશ. ત્યારબાદ જોડી કાર્ય દ્વારા શબ્દના અર્થ શબ્દોમાંથી જણાવી ખાલી જગ્યા પુરાવીશ. બીજી જીવસૃષ્ટિ વિશેના 'સેવાસૂત્રો' બનાવડાવીશ. જૂથ કાર્ય દ્વારા અધૂરા સંવાદ પૂરા કરાવી વર્ગમાં અભિનય કરાવીશ. પાઠના આધારે પ્રશ્નોના જવાબની ચર્ચા કરી વિધાર્થીઓને સમજ આપીશ. 'પાકી સમજદારી' શીર્ષક વાળી વાર્તા શરૂ કરી તેનું વાંચન કરાવી કલ્પના પ્રમાણે પૂર્ણ કરાવીશ. આપેલો ફકરો ધ્યાનથી વાંચીને તેની નીચે પૂછેલા પ્રશ્નોના જવાબ લખાવીશ. 'ચાલો યાદ કરીએ' ના આધારે આપેલી પ્રવૃત્તિ વિધાર્થીઓને કરાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેકટ / પ્રયોગ**

- બીજી જીવસૃષ્ટિ વિશેના 'સેવાસૂત્રો' બનાવવા
- સંવાદો પુરા કરી વર્ગમાં અભિનય ગીત કરવું
- કબ્બડી રમતના અનુભવ કહેવા

**મૂલ્યાંકન**

- શબ્દાર્થ લેખન
- વાતચીતની પ્રશ્નોત્તરી
- સાચી કાવ્યપંક્તિના અર્થ સામે ખરા(✓)ની નિશાની કરવી
- ખાલી જગ્યા પુરવી
- બીજી જીવસૃષ્ટિ વિશેના 'સેવાસૂત્રો' બનાવવા

- પોતાના વિસ્તારમાં ગવાતા ગીત ગાવા
- 'ચાલો યાદ કરીએ' ના આધારે આપેલી પ્રવૃત્તિ કરવી
- પ્રશ્નોના જવાબ લખવા

## ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન (૧૮) અંતિમ પ્રયાસ

**અધ્યયન નિષ્પતિ :**

G701.2 પરિચ્છેદનું વાંચન પ્રતિ મિનિટના 70+ શબ્દોની ઝડપથી સ્પષ્ટ ઉચ્ચારથી કરે છે.

G704.4 વ્યક્તિગત અનુભવ, ઇતર વાંચન, જાણકારી, દલીલ-પ્રતિદલીલ અને વિચારણાની અશાબ્દિક રજૂઆત કરે છે.

G705.8 શબ્દમાં સમાવિષ્ટ એકથી વધુ શબ્દો ઓળખાવે છે.

G703.5 સામગ્રીનું વિશ્લેષણ કરે છે.

G709.2 લેખન કરવાના પ્રસંગોમાં પોતાની ભાષાકીય સજ્જતાનો ઉપયોગ કરે છે.

G703.2 સામગ્રીની સમજ વિકસાવવા પરિપૃચ્છા કરે છે.

G705.3 અભિવ્યક્તિને ચોકસાઈપૂર્ણ અને અસરકારક બનાવવા માટે એકાધિક વિશેષણ અને ક્રિયાવિશેષણનો ઉપયોગ કરે છે.

G706.7 શબ્દ ચાવી, શબ્દ ચોકઠાં, શબ્દચિત્ર, રાશિ પરથી નામ બનાવવાં જેવી રમતો દ્વારા શબ્દભંડોળ વિકસાવે છે.

G704.5 શબ્દ, શબ્દસમૂહ, કહેવત અને રૂઢિપ્રયોગનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય, સંવાદ, પરિચ્છેદ, વાર્તા અને કાવ્યની રચના કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- પાઠનું વાંચન અને પાઠની સમજ
- મહાભારતના કુરુક્ષેત્રમાં થનાર યુદ્ધ પહેલાની સ્થિતિનું વર્ણન
- શબ્દાર્થ લેખન
- વાતચીત દ્વારા પ્રશ્નોત્તરી લેખન
- કોણે શું કહ્યું? એના વિશે બે-બે વાક્યોનું લેખન
- શબ્દોનો ઉપયોગ કરી ફરી ફકરો બનાવો
- શબ્દોને શબ્દકોશના ક્રમ મુજબ લેખન
- ચાલો યાદ કરીએ ની ચર્ચા
- મુદ્દા પરથી વાર્તાનું લેખન

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- મહાભારત વિડીયો
- અભિનય માટે ઉપયોગી વસ્તુઓ

## શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :

- વિદ્યાર્થીઓને 'અંતિમ પ્રયાસ' સંકલિત એકમમાં મહાભારતના કુરુક્ષેત્રમાં થનાર યુદ્ધ પહેલાની સ્થિતિનું વર્ણન અહીં કરવામાં આવેલું છે તે વિદ્યાર્થીઓને પાઠનું વાંચન કરી સમજ આપીશ. પાઠમાં આપેલા શબ્દાર્થોની ચર્ચા કરી વાતચીતના આધારે પ્રશ્નોની ચર્ચા કરી વિદ્યાર્થીઓને લેખન કરાવીશ. સાચા વાક્યની સામે ખરું અને ખોટા વાક્યની સામે ખોટું લખાવીશ. જોડીકાર્ય દ્વારા 'કૃષ્ણનો અવાજ લથડ્યો........અગન સગળી સળગતી નહીં હોય' આ ફકરામાં કઈ કઈ બાબતો આવતી નથી તેની ચર્ચા કરી લખાવીશ. કોણે શું કહ્યું? એના વિશે બે-બે વાક્યો લખાવીશ. આ એકમમાં નીચે આપેલા સંવાદો મૂકવા હોય તો કોણ ક્યારે બોલી શકે છે તેની ચર્ચા કરાવીશ. મહાભારત ના કેટલાક પાત્રો કોઈ પ્રશ્નનો જવાબ આપે ત્યારે એનો પ્રશ્ન લખવાની ચર્ચા કરીશ. ફકરો વાંચી અને તેમાં નીચે આપેલા શબ્દોનો ઉપયોગ કરી ફરી ફકરો લખાવીશ. આપેલી ખાલી જગ્યામાં કોઈ વિશેષણ આવે તેની ચર્ચા કરી લખાવીશ. શબ્દોને શબ્દકોશના ક્રમ મુજબ લખાવીશ. પ્રશ્નોના જવાબની ચર્ચા કરી સમજ આપીશ. ભાષા સજ્જતના આધારે શબ્દકોશમાં મુકેલા શબ્દો કયા ક્રમમાં મૂકવામાં આવે છે તેની ચર્ચા કરી સમજ આપીશ. 'ચાલો યાદ કરીએ' ના આધારે આપેલ પ્રવૃત્તિ કરાવીશ. મુદ્દા પરથી વાર્તાનું લેખન કરાવીશ.

## પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ

- મહાભારત પ્રસંગનો વિડીયો
- અભિનય કરવો

## મૂલ્યાંકન

- શબ્દાર્થ લેખન
- વાતચીતની પ્રશ્નોત્તરી
- કોણે શું કહ્યું? એના વિશે બે-બે વાક્યો લખવા
- શબ્દોનો ઉપયોગ કરી ફરી ફકરો લખવો
- 'ચાલો યાદ કરીએ'
- શબ્દોને શબ્દકોશના ક્રમ મુજબ લખવા
- પ્રશ્નોના જવાબ લખવા
- મુદ્દા પરથી વાર્તાનું લેખન કરવું

## ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન
## (૧૯) ઘડવૈયા

**અધ્યયન નિષ્પતિ :**

G703.5 સામગ્રીનું વિશ્લેષણ કરે છે.
G708.3 લયાત્મક કાવ્યગાન કરે છે.
G701.3 લેખનની ઝડપમાં ક્રમિક વધારો દર્શાવે છે.
G703.2 સામગ્રીની સમજ વિકસાવવા પરિપૃચ્છા કરે છે.
G706.7 શબ્દ ચાવી, શબ્દ ચોકઠાં, શબ્દચિત્ર, રાશિ પરથી નામ બનાવવાં જેવી રમતો દ્વારા શબ્દભંડોળ વિકસાવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- કાવ્યનું ગાન અને કાવ્યની સમજ
- 'બાલમુકુંદ દવે' ની માહિતી
- વ્યક્તિગત અને સમૂહમાં ગાન
- શબ્દાર્થ લેખન
- વાતચીત દ્વારા પ્રશ્નોત્તરી
- ખાલી જગ્યા
- કવિતામાં આવતા 'પ્રાસ'
- પ્રશ્નોના જવાબ
- ઉત્તર ગુજરાતની વાવ 'વર્લ્ડ હેરિટેજ'નો વિડીયો
- ચાલો યાદ કરીએ ની ચર્ચા

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- ઉત્તર ગુજરાતની વાવ 'વર્લ્ડ હેરિટેજ'નો વિડીયો

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને 'ઘડવૈયા' કાવ્ય દ્વારા 'બાલમુકુંદ દવે' ની માહિતી આપીશ. માતૃભૂમિ નું ઋણ ચૂકવવા તૈયાર થવા પ્રેરતું આ મધુર ગીત વિદ્યાર્થીઓને હાવભાવ સાથે ગવડાવીશ. વિદ્યાર્થીઓ આ કાવ્યને વ્યક્તિગત અને સમૂહમાં ગાન કરશે. ત્યારબાદ શબ્દાર્થની ચર્ચા કરી વિદ્યાર્થીઓને લખાવીશ. વાતચીતના આધારે પ્રશ્નોના જવાબની ચર્ચા કરી સમજ આપીશ. 'અ' વિભાગમાં આપેલા શબ્દોને 'બ' વિભાગમાં યોગ્ય રીતે સમજ આપી લખાવીશ. કૌંસમાં આપેલા શબ્દોમાં ફેરફાર કરી ખાલી જગ્યા પુરાવીશ. આપેલા બે શબ્દોનો ઉપયોગ કરી એક વાક્ય બનાવી લખાવીશ. પ્રશ્નોના જવાબની ચર્ચા કરી લખાવીશ. ભાષા સજ્જતાના આધારે કવિતામાં આવતા 'પ્રાસ' ની ચર્ચા કરી વિદ્યાર્થીઓને સમજ આપીશ. 'ચાલો યાદ કરીએ' ના આધારે આપેલી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને ચર્ચા કરી પૂછીશ. પાઠ્યપુસ્તકમાં આપેલ ઉત્તર

ગુજરાતની વાવને વર્લ્ડ હેરિટેજમાં સ્થાન મળ્યું છે તેના વિશે ઇન્ટરનેટના માધ્યમથી વધુ જાણકારી મેળવી વિદ્યાર્થીઓને સમજ આપીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

- શબ્દ આધારિત પ્રવુત્તિઓ

**મૂલ્યાંકન**

- શબ્દાર્થ લેખન
- વાતચીતની પ્રશ્નોત્તરી
- ‘અ’ વિભાગમાં આપેલા શબ્દોને ‘બ’ વિભાગમાં જોડવા
- ખાલી જગ્યા પુરવી
- કવિતામાં આવતા ‘પ્રાસ’ લખવા
- પ્રશ્નોના જવાબ લખવા
- ચાલો યાદ કરીએ ની પ્રવુત્તિ કરવી
- ઉત્તર ગુજરાતની વાવ ‘વર્લ્ડ હેરિટેજ’નો વિડીયો જોવો

## માર્ચ માસનું પાઠ આયોજન (૨૦) જાદુઈ થેલો

**અધ્યયન નિષ્પતિ :**

G703.4 વિગતોને હેતુ અનુસાર પ્રયોજે છે.

G703.5 સામગ્રીનું વિશ્લેષણ કરે છે.

G704.4 વ્યક્તિગત અનુભવ, ઇતર વાંચન, જાણકારી, દલીલ-પ્રતિદલીલ અને વિચારણાની અશાબ્દિક રજૂઆત કરે છે.

G701.3 લેખનની ઝડપમાં ક્રમિક વધારો દર્શાવે છે.

G704.10 વાસ્તવિક અને કાલ્પનિક પરિસ્થિતિમાં પ્રત્યાયન અર્થે ભાષાકૌશલ (શબ્દ પસંદગી, વાક્યવૈવિધ્ય) દર્શાવે છે.

G703.2 સામગ્રીની સમજ વિકસાવવા પરિપૃચ્છા કરે છે.

G704.5 શબ્દ, શબ્દસમૂહ, કહેવત અને રૂઢિપ્રયોગનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય, સંવાદ, પરિચ્છેદ, વાર્તા અને કાવ્યની રચના કરે છે.

G704.2 કવિતા, વાર્તા કે કાલ્પનિક પરિસ્થિતિને કથન કે સંવાદ (નાટિકા) સ્વરૂપે રજૂ કરે છે.

G708.1 કલાત્મક અક્ષરાંકન કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- પાઠનું વાંચન અને પાઠની સમજ
- રાષ્ટ્રીય કક્ષાએ અપાતા વિશિષ્ટ પુરસ્કારની માહિતી
- શબ્દાર્થ લેખન
- પ્રતિભા માટે ભારત સરકાર દ્વારા થતું બાળકોનું સન્માન
- વાતચીત દ્વારા પ્રશ્નોત્તરી લેખન

- ફકરામાં આડાંઅવળાં થઈ ગયેલા વાક્યોને ઘટનાક્રમ મુજબ ગોઠવણી
- શબ્દશતરંજમાં ક્રિકેટરોના નામ શોધવા
- 'નાનો તોય રાઈનો દાણો' કહેવતને અનુરૂપ કોઈ પ્રસંગે વાર્તા બનાવવી
- પ્રશ્નોના જવાબ ચર્ચા
- બાલ પુરસ્કાર વિશે વધુ માહિતી મેળવવી
- બાલ પુરસ્કાર વિજેતા બાળકો વિશેની
માહિતી
- પ્રશ્નોના જવાબોની ચર્ચા

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- બાલ પુરસ્કાર વિડીયો
- રાષ્ટ્રીય કક્ષાએ અપાતા વિશિષ્ટ પુરસ્કારની માહિતી વિડીયો
- સંદર્ભપુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને 'જાદુઈ થેલો' સંકલિત એકમમાં બાળકોને રાષ્ટ્રીય કક્ષાએ અપાતા એક વિશિષ્ટ પુરસ્કાર વિશે ઉપયોગી માહિતી આ એકમમાં આપેલી છે તેની ચર્ચા કરી સમજ આપીશ. ત્યારબાદ શબ્દાર્થની ચર્ચા કરી લખાવીશ. વાતચીતના આધારે આપેલા પ્રશ્નોના જવાબની ચર્ચા કરી સમજ આપીશ. વાક્ય સાચું હોય તો 'હા' અને ખોટું હોય તો 'ના' લખાવીશ. ફકરામાં આડાંઅવળાં થઈ ગયેલા વાક્યોને ઘટનાક્રમ મુજબ ગોઠવી ફકરો ફરીથી લખાવીશ. આપેલ શબ્દશતરંજમાં ક્રિકેટરોના નામ ઓળખી લખાવીશ. રેખાંકિત કરેલા શબ્દોનો ઉપયોગ કરી નવું વાક્ય લખાવીશ. પ્રશ્નોના જવાબની ચર્ચા કરી સમજ આપીશ. તમારે સન્માન થયેલા બાળકો ઇન્ટરવ્યૂ લેવાનો હોય તો તમે કેવા પ્રશ્નો પૂછો? તેની ચર્ચા કરી પ્રશ્નો બનાવડાવીશ. 'નાનો તોય રાઈનો દાણો' કહેવતને અનુરૂપ કોઈ પ્રસંગે વાર્તા શોધીને વિદ્યાર્થીઓને કહીશ. ઇન્ટરનેટનો ઉપયોગ કરી બાલવીર પુરસ્કાર મેળવનાર બાળકો પૈકી કોઈ એક બાળક વિશે જાણીને વિદ્યાર્થીઓને કહીશ. 'ચાલો યાદ કરીએ' ના આધારે આપેલી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને કરાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

- બાલ પુરસ્કાર વિશે વધુ માહિતી

- બાલ પુરસ્કાર વિજેતા બાળકો વિશેની માહિતી શોધવી

**મૂલ્યાંકન**

- શબ્દાર્થ લેખન
- વાતચીતની પ્રશ્નોત્તરી
- ફકરામાં આડાંઅવળાં થઈ ગયેલા વાક્યોને ઘટનાક્રમ મુજબ ગોઠવવા
- શબ્દશતરંજમાં ક્રિકેટરોના નામ શોધવા
- 'નાનો તોય રાઈનો દાણો' કહેવતને અનુરૂપ કોઈ પ્રસંગે વાર્તા કહેવી
- પ્રશ્નોના જવાબ લખવા
- બાલ પુરસ્કાર વિશે વધુ માહિતી મેળવવી
- બાલ પુરસ્કાર વિજેતા બાળકો વિશેની માહિતી શોધવી

## માર્ચ માસનું પાઠ આયોજન
## (૨૧) મોતીમાળા

**અધ્યયન નિષ્પતિ :**

G703.5 સામગ્રીનું વિશ્લેષણ કરે છે.

G703.4 વિગતોને હેતુ અનુસાર પ્રયોજે છે.

G703.2 સામગ્રીની સમજ વિકસાવવા પરિપૃચ્છા કરે છે.

G706.7 શબ્દ ચાવી, શબ્દ ચોકઠાં, શબ્દચિત્ર, રાશિ પરથી નામ બનાવવાં જેવી રમતો દ્વારા શબ્દભંડોળ વિકસાવે છે.

G704.2 કવિતા, વાર્તા કે કાલ્પનિક પરિસ્થિતિને કથન કે સંવાદ (નાટિકા) સ્વરૂપે રજૂ કરે છે.

G704.9 વાક્ય કે પંક્તિઓનો સદૃષ્ટાંત વિચારવિસ્તાર કરે છે.

G704.3 ગદ્ય, પદ્ય, દૃશ્યાત્મક વગેરે સામગ્રીને આધારે વિવિધ માધ્યમો દ્વારા પ્રત્યાયન કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- દુહા, ચોપાઈ, શેર, મુક્તક, હાઇકુ, સુભાષિત અને છપ્પાનું વાંચન
- શબ્દાર્થ લેખન
- વાતચીત દ્વારા પ્રશ્નોત્તરી લેખન
- પ્રાસયુક્ત શબ્દો
- વિચાર વિસ્તારની ચર્ચા
- પ્રશ્નોના જવાબોની ચર્ચા
- પાઠમાં આપેલા વિષય પર ચર્ચાસભા
- ભાષાસજ્જતા દ્વારા વિચાર-વિસ્તારની ચર્ચા
- 'ચાલો યાદ કરીએ'ની ચર્ચા
- શબ્દકુંભમાં વિવિધ અન્ય નવા શબ્દો વિશે ચર્ચા

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- દુહા, ચોપાઈ, શેર, મુક્તક, હાઇકુ, સુભાષિત અને છપ્પાનું સંદર્ભપુસ્તક

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને 'મોતીમાળા' એકમમાં કેટલીક લઘુ રચનાઓ માળાઓમાં પરોવેલાં મોતીઓની જેમ રજૂ કરેલી છે જે વિદ્યાર્થીઓને સમજ આપીશ. ત્યારબાદ શબ્દાર્થની ચર્ચા કરી વિદ્યાર્થીઓને લખાવીશ. વાતચીતના આધારે પ્રશ્નોના જવાબની ચર્ચા કરી સમજ આપીશ. પ્રાસયુક્ત શબ્દો તારવી વાક્ય પ્રયોગ કરાવીશ. જૂથકાર્ય દ્વારા શિક્ષક, વડીલ કે ઇન્ટરનેટની મદદ લઈ વધારે માહિતી મેળવીને યોગ્ય ભાવભાવ સાથે વાક્યોનું વાંચન કરાવીશ. કોઈપણ બે વિચાર વિસ્તારની ચર્ચા કરી લખાવીશ. આપેલી પંક્તિ વંચાવી એમાંથી કોઈ એક ગદ્ય કે એક પદ્ય પંક્તિનો અર્થ વિચાર વિસ્તાર લખાવીશ. પ્રશ્નોના જવાબની ચર્ચા કરી સમજ આપીશ. આપેલા વિષય પર ચર્ચાસભા યોજાવીશ. દુહા, ચોપાઈ, શેર, મુક્તક, હાઇકુ, સુભાષિત અને છપ્પાનું સંકલન કરી રજૂ કરાવીશ. ભાષાસજ્જતા દ્વારા વિચાર-વિસ્તારની ચર્ચા કરી સમજ આપીશ. 'ચાલો યાદ કરીએ'ની ચર્ચા કરી લખાવીશ. શબ્દકુંભમાં વિવિધ અન્ય નવા શબ્દો વિશે ચર્ચા કરી લખાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેકટ / પ્રયોગ**

- દુહા, ચોપાઈ, શેર, મુક્તક, હાઇકુ, સુભાષિત અને છપ્પાનું સંકલન કરવું
- પાઠમાં આપેલા વિષય પર ચર્ચાસભા યોજવી
- શબ્દકુંભમાં નવા શબ્દો લખવા

**મૂલ્યાંકન**

- શબ્દાર્થ લેખન
- દુહા, ચોપાઈ, શેર, મુક્તક, હાઇકુ, સુભાષિત અને છપ્પાનું વાંચન કરવું
- વાતચીતની પ્રશ્નોત્તરી
- પ્રાસયુક્ત શબ્દો લખવા
- પ્રશ્નોના જવાબ લખવા
- પાઠમાં આપેલા વિષય પર ચર્ચાસભા કરવી
- વિચાર-વિસ્તાર લખવો
- 'ચાલો યાદ કરીએ' વિશે લખવું
- શબ્દકુંભમાં વિવિધ અન્ય નવા શબ્દો લખવા